# કુકડિયો કુંભાર (Greater Coucal)

**આ પંખી દેખાવે ચળકતા કાળા રંગનું છે. તેની પાંખો બજરિયા રંગની છે. પૂંછડી મોટી તેમ જ ભરાવદાર છે. તેમજ ચડઊતર પીંછાંની બનેલી અને કાળી છે. આ પક્ષીની આંખો રાતી ચણોઠી જેવી અને ચાંચ તેમજ પગ કાળા રંગનાં છે**

**પંખીલોક**

★ પ્રવીણ સરવૈયા

આપણે જાણીએ છીએ કે કોયલ વર્ગનાં પક્ષીઓ બીજાના માળામાં ઈંડાં મૂકીને તેમની પાસે ઉછેર કરાવે છે. આ કુળમાં એક અપવાદરૂપ પક્ષી છે, જે પોતાના માળા જાતે બનાવે છે અને બચ્ચાં ઉછેરે છે. તે પક્ષી એટલે કુકડિયો કુંભાર. ગામડામાં તે બહુ જાણીતું છે. કેટલાક લોકો એને 'ઘોયરો' તથા 'મહૂકો' એવાં નામથી પણ ઓળખે છે.

કુકડિયા કુંભારનું કદ આપણા સામાન્ય કાગડા કરતાં ય મોટું છે. જોવામાં તો તે કઢંગું દેખાય, પણ તેના રંગ તરત નજરે ચડે તેવા છે. આ પંખી દેખાવે ચળકતા કાળા રંગનું છે. તેની પાંખો બજરિયા રંગની છે. પૂંછડી મોટી તેમ જ ભરાવદાર છે. તેમજ ચડઊતર પીંછાંની બનેલી અને કાળી છે. આ પક્ષીની આંખો રાતી ચણોઠી







જેવી અને ચાંચ તેમજ પગ કાળા રંગનાં છે.

કુકડિયા કુંભારને ખુલ્લા વગડામાં ઝાડી-ઝાંખરામાં રહેવું ગમે છે. ફળિયામાં ઝાડ હોય તો કુકડિયો કુંભાર વર્ષમાં એક વાર અવશ્ય મુલાકાત લઈ જાય છે. તે બાગ-બગીચામાં પણ છૂટથી આવે છે અને પછી ફાવી જાય તો માનવ વસવાટનો પડોશ તેને ગમે છે. તે ચાલે ત્યારે પૂંછડી જમીન પર ઢસડાતી હોય એવું લાગે. તેનું ચાલવાનું આપણને હેતુપૂર્વકનું લાગે. તેની ઊડવાની શક્તિ બહુ નથી, છતાં એક ઝાડથી બીજા ઝાડ સુધી સામાન્ય ઊંચાઈએ તે ઊડી શકે છે. માણસને જુએ કે તરત એ વાડ-ઝાંખરામાં લપાઈ જાય છે, તેથી સ્વભાવે તે બીકણ છે એમ કહીએ તો ખોટું નથી. આ પંખીની વસ્તી સમગ્ર ભારતમાં છે. કચ્છ પ્રદેશમાં તેની વસ્તી પાંખી છે.

તે ખોરાકમાં ઉંદર, કાચિંડા, નાના સાપ, વીંછી તથા તીડ, ઇયળ જેવાં જીવજંતુઓ ખાય છે. તે ઉંદરનું ભક્ષણ કરી જાય છે, તેથી ખેતીને ઘણો લાભ કરી આપે છે. તે પાંખો પહોળી કરીને 'ગુહૂક ગુહૂક' એવો ઘેરો અવાજ કાઢીને બોલે છે. આ અવાજ ઘણે દૂરથી સંભળાય છે. એક પક્ષી બોલે એટલે દૂર બેઠેલો બીજો કુકડિયો કુંભાર સામે બોલવા લાગે. તે બીજા જાતજાતના અવાજો પણ કાઢી જાણે છે, જે દેડકાના અવાજને મળતા આવે છે.

આ પક્ષી ઝાડની ઘટામાં માળો કરે છે. તેનો માળો ગોળ દડા જેવો હોય છે. પ્રજનન ઋતુમાં નર ચિત્ર-વિચિત્ર અંગમરોડ કરે છે.



માળાની ઋતુ ઉનાળો અને ચોમાસું. માળામાં એક દરવાજો હોય છે. કોઈ વાર ઉપરથી ખુલ્લો હોય છે તેવો માળો પણ તે કરે છે. માદા ત્રણથી ચાર સફેદ ઈંડાં મૂકે છે.

તેને પૂંછડીનો પંખો કરી ઘડીભર થનગનવાની ટેવ છે. તે 'ગુહૂક' કે 'ગુહુ' એમ બોલે છે તેથી હિન્દીમાં તેને 'મહોખ' એવા નામે ઓળખાવાય છે. ગુજરાતીમાં તેને 'કાકડિયો કુંભાર', 'મહૂકો', ઘૂકિયો' અને પૂર્વે કહ્યું તેમ 'ઘોયરો' એવાં વિવિધ નામ અપાયાં છે.

કુકડિયો કુંભાર બહુ વ્યવસ્થિત રીતે એક ઝાડ કે ઝાંખરાની નીચે સિફતપૂર્વક ફરશે અને તેને ખાવાયોગ્ય જીવાતો ખોળી કાઢશે. એ ક્યારેક પક્ષીઓનાં ઈંડાં પણ ભક્ષી જાય છે. એ કદાચ કુદરતી વ્યવસ્થા જાળવતો હશે. સંસ્કૃતમાં એને 'કુક્કુટ' નામથી ઓળખવામાં આવે છે. પક્ષીઓ થકી કેટલાંક જીવ-જંતુઓનું કુદરતી નિયંત્રણ થાય છે. પક્ષીઓમાંનાં કેટલાંક આપણાં મિત્રો છે. શિકાર કરનારાં પક્ષીઓ સડેલા પદાર્થો ખાય છે તેનાથી ગંદકી દૂર થાય છે. પક્ષીઓ આપણી સમૃદ્ધિ છે.

## અનુસંધાન પાના નં. 11નું

નવેમ્બર મહિનામાં, રાત્રીના 8 વાગ્યાની આસપાસ, જ્યારે દક્ષિણ આકાશમાં કુંભ રાશિ મધ્યસ્થિત થાય છે, ત્યારે તેને જોવાનો ઉત્તમ સમય હોય છે. ખુલ્લા, અંધકારમય સ્થળેથી જોવાથી કુંભના Y આકારના તારા અને તેની નીચે વહેતી "જળધાર" જેવી તારાશૃંખલા સ્પષ્ટ જોવા મળે છે. શતભિષા તારો કુંભના મધ્યભાગમાં ઝળહળતો દેખાય છે. તે આ સમગ્ર તારામંડળને જીવંત બનાવે છે. કુંભ રાશિ માત્ર તારાઓનો સમૂહ નથી. તે માનવજાતના પુનર્જીવન, જ્ઞાન અને જળ જેવી પ્રવાહી શક્તિનું પ્રતીક છે. ડીપ સ્કાય ઓબ્ઝર્વેશન કરવા માટે તમારા પાસે 15X70 કે 25X100 જેવા પાવરફુલ બાયનોક્યુલર હોય તો ડીપ સ્કાય ઓબ્જેક્ટનું લોકેશન આસાનીથી શોધી શકો છો. જોકે આવા બાયનોક્યુલરની સાઈઝ મોટી હોય છે અને વજનમાં પણ ભારે હોય છે તેથી લાંબો સમય સુધી હાથમાં પકડીને આકાશ દર્શન થઈ શકતું નથી. તેમજ પાવરફુલ બાયનોક્યુલરમાં તમારો હાથ સહેજ પણ હલી જાય તો ઈમેજ વાઇબ્રેટ થતી હોય તેવું લાગે છે. તેથી આવા બાઈનોક્યુલરને સ્ટેન્ડ ઉપર ગોઠવીને જોવાથી સ્ટેબલ ઈમેજ મળે છે. તેવી જ રીતે ઓછામાં ઓછું 100 mm ના ડાયામીટર ધરાવતું ટેલિસ્કોપ આ ઓબ્જેક્ટ જોવા માટે ઉપયોગી સાબિત થાય છે. ડાયામીટર જેટલો વધારે હોય તેટલું ટેલિસ્કોપની પ્રકાશ ગ્રહણ કરવાની શક્તિ વધે છે અને ઓબ્જેક્ટની ક્લેરિટી સારી મળે છે.